# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-05-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં આજે ઉચ્ચસ્તરીય બેઠક કરી રહ્યા છે. આ બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના તમામ વિભાગના સચિવો પણ ઉપસ્થિત રહ્યા છે. રાજ્યના સંવેદનશીલ વિસ્તારોમાં થયેલ બ્લેકઆઉટ અને સુરક્ષા સંબધિત બાબતોની સમીક્ષા થઈ રહી છે.

. . . . . . . . . . . . .

# KUTCH DROWN

ભારત-પાકિસ્તાન સંઘર્ષને લઇને વહેલી સવારથી જ કચ્છ સરહદ પર હિલચાલ જોવા મળી રહી છે. અબડાસાના નાની ધ્રુફી ગામ નજીક ભારતીય સેનાએ ડ્રોન તોડી પાડ્યું છે. નલિયાથી 22 કિમી દૂર નાની ધ્રુફી અને બેરાજા ગામની સીમમાં તોડી પડાયેલા ડ્રોનનો કાટમાળ મળી આવ્યો છે. આ ડ્રોન છે કે મિસાઇલ તેની હાલ તપાસ થઈ રહી છે. તો આદિપુરમાં પણ તોડી પાડવામાં આવેલા ડ્રોનનો કાટમાળ મળી આવ્યો છે. દરમિયાન જિલ્લા કલેક્ટર આનંદ પટેલે સોશિયલ મીડિયામાં કોઈપણ વિવાદીત કે વિસંગત પોસ્ટ નહીં કરવા નાગરિકોને સૂચન કર્યું હતું.

(બાઇટ: આનંદ પટેલ, જિલ્લા કલેકટર)

સાંસદ વિનોદ ચાવડાએ લોકોને કારણ વિના ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે.

(બાઇટ: વિનોદ ચાવડા – સાંસદ)

. . . . . . . . . . .

## ARVALLI ALERT

ભારત-પાક વચ્ચે તણાવને લઇને અરવલ્લી જિલ્લા તંત્ર એલર્ટ થયું છે. યાત્રાધામ શામળાજી મંદિરમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. બોમ્બ સ્ક્વોર્ડની ટીમ દ્વારા મંદિરના અલગ અલગ વિસ્તારોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ સાથે જ મેશ્વો ડેમ ખાતે પણ પોલીસની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી.. ગુજરાત-રાજસ્થાન સરહદ પર શામળાજી મંદિર આવેલું હોવાથી પોલીસ દ્વારા સતર્કતાના ભાગરૂપે તપાસ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

## MEHSANA CONTROL ROOM

ભારત પાકિસ્તાન વચ્ચે તણાવ ભરી પરિસ્થિતિને લઈ મહેસાણા જિલ્લામાં ઇમરજન્સી ઓપરેશન રૂમ પણ ઉભો કરાયો છે. કન્ટ્રોલ રૂમમાં 02762222220 તેમજ મેસેજ માટે 89800 31037 મોબાઈલ નંબર પણ શરૂ કરાયો છે. આ ઉપરાંત લોહીની જરૂરિયાતને પહોંચી વળવા માટે રેડક્રોસ દ્વારા 2 હજાર સ્વયં સેવકો ખડેપગે છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે 34 એમ્બ્યુલન્સ, ઇમરજન્સી માટે 100 પથારી તેમજ 7 ટ્રોમાં સેન્ટર અને 400 તબીબો સ્વૈચ્છિક સેવા આપવાની તૈયારીઓ દર્શાવી છે.

. . . . . . . . . . . .

# TAPI E-DETECTION

રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ દ્વારા ઇ-ડિટેક્શન પોર્ટલ શરૂ કરાયું છે. આ પોર્ટલ ટોલ નાકા પરથી પસાર થતાં જે વાહનોમાં દસ્તાવેજી પુરાવા ન હોય તેવા વાહનોના માલિકોને ઇ-ચલન અંગેની માહિતી તેમના મોબાઈલ નંબર પર મળી જશે. આ અંગે તાપી જિલ્લાના વ્યારાના પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરીના અધિકારી એસ.કે. ગામિતે વધુ માહિતી આપી.

(બાઈટ- એસ.કે.ગામીત (ARTO, વ્યારા)

. . . . . . . . . . .

# WEATHER-RAIN

પાંચ દિવસ બાદ રાજ્યમાં કમોસમી વરસાદે વિરામ લીધો છે. આજે એક પણ તાલુકામાં વરસાદ નોંધાયો નથી. જ્યારે આજે સુરેન્દ્રનગરમાં વરસાદી ઝાપટું પડ્યું હતું. ગઇકાલે 37 તાલુકામાં વરસાદ વરસ્યો હતો.

. . . . . . . . . . . .

# PANCHAMAHAL ACCIDENT

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ઓડિદ્રા ગામ પાસે અજાણ્યા વાહનની અડફેટે મોપેડ ચાલક યુવાનનું મોત થયું છે. યુવક મોપેડ લઈને વેલવડ ગામે જઈ રહ્યો હતો તે દરમિયાન ઓડિદ્રાથી ધાણીત્રા જવાના રોડ પર અજાણ્યા વાહનચાલકે મોપેડચાલક યુવાનને ટક્કર મારી હતી. આ મામલે કાંકણપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધ્યો છે.

. . . . . . . . . . . .

# PANCHMAHAL KHATMUHURT

પંચમહાલના ગોધરામાં ધારાસભ્ય સી.કે.રાઉલજીએ વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. પ્રાથમિક જરૂરિયાતવાળા વિકાસના કામોમાં ગોધરા નગરના દેવ તલાવડી પાસે સ્મશાન ગૃહ, પાવર હાઉસ, કુસુમ

વિવેક નગર પાસે શેલ્ટર હાઉસ, ઝુલેલાલ સોસાયટીમાં સી.સી.રસ્તો તથા અમૃત યોજના હેઠળ કનેલાવ તળાવ ઉપર ગાર્ડન સહિતના કામો મંજૂર થયા છે. આ પ્રસંગે ગોધરા નગર પાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કાઉન્સિલરો સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .